# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


## અખબારી યાદી

**તા.૦૯.૦૨.૨૦૨૨**

કોંગ્રેસ ન હો'ત તો ?

દેશ સામે આવી કલ્પના મુકીને પોતાના પક્ષ કે સરકારની સરેઆમ નિષ્ફળતા અને અક્ષમ્ય ઘટનાઓને ઢાંકવા માટે તેમજ જનતાની આંખમા ધુળ નાખવા માટે લોકતંત્રનુ પવિત્ર મંદિર સંસદ ભવનનો સહારો લેવો તે દુખદ ....

આ'તો ખુલ્લી ચર્ચાનો વિષય છે....કોણ શુ કરી ગયા અને કોણ શુ કરી રહ્યુ છે.....

થોડાક જ ભુતકાળમા જઇને વિચાર કરીએ કે ભાજપાને શાસનનો પ્રથમ દિવસ જોવા તેના નેતાઓએ કેવા કેવા ધતીંગો અને ભવાડા કરીને કેવા અંજામો આપ્યા હતા અને પછીનુ બધુ ગુજરાત અને દેશની જનતા જાણે છે આજે જનતા/વેપારીઓ/ ઉદ્યોગગૃહો કે અધિકારી વર્ગમા જાણે એક ભયનો માહોલ બન્યો છે, આ ભાજપાની તો કૃપા છે, એટલે એક વિચાર એવો પણ આવે કે કાશ ભાજપા જ ન હો'ત તો ....?

હા,.....

- જો ભાજપા ન હો'ત તો..... ફેબ્રુ ૨૦૧૩ મા સાબરમતી જેલમા કુખ્યાત કેદીઓને ભગાડવા જેલમા ૧૮ ફુટ સુરંગ ખોદાઇ તે ન ખોદાઇ હો'ત...
- જો ભાજપા ન હો'ત તો....૨૫ સપ્ટે ૨૦૦૨ ના રોજ પવિત્ર અક્ષરધામ મંદિર પર આતંકી હુમલો થયો, મંદિરમા ૩૨ લોકોને મોતને ઘાટ ઉતારીને મંદિરને રકત રંજીત કર્યુ અને ૭૯ લોકો ગંભીર ઘાયલ થયા, તે ઘટના ન ઘટી હો'ત...
- જો ભાજપા ન હો'ત તો....૨૬ મી માર્ચ ૨૦03 મા હરેન પંડયા જેવા સાચા જનસેવકની દિન દહાડે હત્યા થઇ તે ન થઇ હો'ત...
- જો ભાજપા ન હો'ત તો....૨૬ મી જલાઇ ૨૦૦૮ એ અમદાવાદમા ૭૦ મીનીટમા સીરીયલ ૨૧ બોમ્બ બ્લાસ્ટમા ૫૬ લોકોના મૃત્યુ થયા, તે ગોજારો દિવસ જોવાનો સમય ન આવ્યો હો'ત...

- જો ભાજપા ન હો'ત તો....૨૭ મી ફેબ્રુ ૨૦૦૨ ગોધરા ખાતે સાબરમતી ટ્રેન પરના આતંકી હુમલામા ૫૮ યાત્રીઓના મૃત્યુ થયા અને ત્યાર બાદ સમગ્ર ગુજરાતમા કોમી રમખાણો થયા તેમા ૧૦૦૦ થી વધુ લોકો માર્યાં ગયા, અને ભયંકર ખુવારી થઇ તેનાથી રાજયની છબી કલંકિત થઇ, આ કલંકથી ગુજરાત બચી શક્યુ હો'ત..
- જો ભાજપા ન હો'ત તો....દેશના ખેડુતોને પોતાના હકક અને અધિકાર માટે એક વર્ષ સુધી લડાઇ લડવા દિલ્હીના સીમાડે બેસવુ ન પડ્યુ હો'ત અને આપણા ૭૦૦ ખેડુતોના જીવ બચાવી શક્યા હો'ત..
- જો ભાજપા ન હો'ત તો..... ખેતી પ્રેધાન દેશના અન્નદાતાઓ માટે કમિશનખોર, આતંકવાદી, પાકિસ્તાની, ખાલીસ્તાની કે મવાલી જેવા શબ્દો વાપરવાની કોઇ હિંમત ન કરી શક્યુ હો'ત...
- જો ભાજપા ન હો'ત તો.....૧૩ ડીસે ૨૦૦૧ ના રોજ કેન્દ્રમા ભાજપાની સરકાર સમયે લોકતંત્રના મંદિર દેશની આન-બાન અને શાન એવા સંસદ ભવન પરનો આતંકી હુમલા થયો તે ઘટનાથી સંસદને બચાવી શક્યા હો'ત ..
- જો ભાજપા ન હો'ત તો.....ભારતમા ઘુસીને ૪ ડીસે ૧૯૯૯ ના રોજ ૧૭૧ મુસાફર સાથેનુ ઇન્ડીયન એરલાઇન્સ વિમાન - 814 નુ જૈસે એ મોહમદના આતંકીઓએ અપહરણ કર્યું અને તેને છોડાવવા માટે ભારતીય જેલોમા કેદ તેના ૩ મુખ્ય ખુંખાર આતંકી મસુદ અજહર, ઉમર શેખ અને મુસ્તાક અહમદ ને છોડવા જેવી કાયરતા ભર્યો નિર્ણય લેવાની દેશ સામે નોબત ન આવી હો'ત....
- જો ભાજપા ન હો'ત તો.....દેશ ઉપર દેશના દુશ્મનો એ ઉરી હુમલો,પઠાણકોટ હુમલો,પંપોલ હુમલો, અમરનાથ યાત્રીઓ પર હુમલો, સુજવાન આર્મી કેમ્પ પર હુમલો, ગુરુદાસપુર હુમલો અને પુલવામા આર્મી જવાનો પર હુમલો જેવા અનેક શર્મનાક હુમલાઓનો અંજામ આતંકી આપી ન આપી શક્યા હો'ત....કે ન દેશ વિરોધી તાકતો દેશના સીમાડામા ઘુસવાની હિંમત કરી શક્યા હો'ત....
- જો ભાજપા ન હો'ત તો......દેશની RBI ના તળીયા સાફ ન થયા હો'ત કે ન દેશની આર્થિક હાલત આટલી કફોડી થઇ હો'ત....
- જો ભાજપા ન હો'ત તો.....દેશની સરકારી કંપનીઓ અને સંપતિઓ વેચવાનો વખત દેશ સામે ન આવ્યો હો'ત....
- જો ભાજપા ન હો'ત તો..... રાષ્ટ્રપિતાના હત્યારાને રાષ્ટ્રભકત કે દેશભકત કહેવાની કોઇની હિંમત ન થઇ હો'ત.....
- જો ભાજપા ન હો'ત તો દેશના નાગરિકોની જાસુસી કરવાની ઘટનાઓ ન બની હો'ત....
- જો ભાજપા ન હો'ત તો .....દેશની સુપ્રિમ કોર્ટના ૪ જજોને બહાર આવી મિડીયા સામે આવીને "ALL IS NOT OK " બોલવાની નોબત ન આવી હો'ત...
- જો ભાજપા ન હો'ત તો.....દેશના અર્થતંત્રને તોડનારી નોટબંધીનો સામનો દેશની જનતાને કરવાનો વખત ન આવ્યો હો'ત....

- જો ભાજપા ન હો;ત તો એક ડઝન કરતા વધુ ભાગેડુ ઉદ્યોગગૃહોના માલીકો દેશની બેન્કોની લુંટ ચલાવી દેશનો સીમાડો ઓળંગી શક્યા ન હો'ત...
- જો ભાજપા ન હો'ત તો .....પવિત્ર ગંગા મૈયામા તરતી માનવ લાશો જોવાનો કાળો દિવસ ન આવ્યો હો'ત...
- જો ભાજપા ન હો'ત તો .....ભારતમા ધર્મના નામે,જાતિના નામે કે પ્રાંતના નામે દેશની આંતરીક તાકાત તોડવાની,શાંતિ અને ભાઇચારાને તોડવાની કોઇએ હિંમત ન કરી હો'ત..
- જો ભાજપા ન હો'ત તો .....દિવાલ પર ગાંધી અને દિલમા ગોડસેનો દંભ કરવાની પહેલ કોઇ ન કરી શક્યુ હો'ત.....

સદીઓ જુનો આપણો ઇતિહાસ દેશની જનતા પાસે પડ્યો છે, પરંતુ જેમના ભુતકાળમા દમ હોય તે પોતાનો ભુતકાળ જનતા સામે મુકવાની હિંમત કરી શકે, જેમનો ભુતકાળ જ વિવાદાસ્પદ,કલંકિત અને ખંડીત હોય તે બિચારા " મિમિકરી " સિવાય બીજુ શુ મુકે ?

દેશ શાસકો દેશની હાલત પર નક્કર જવાબ આપે, વિપક્ષની ટીક્કા નહી...

જય હિંદ....

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ
**E mail : inc.manharpatel@gmail.com**